સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,નવસારી

ઓફિસ નંબર 1/2, સેકન્ડ ફ્લોર જવાહલાલ નેહરુ શોપિંગ સેન્ટર,
મોંઢ ધાચી પંચની વાડી સામે, ગુજરાત સમાચાર ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી 396445

email:dsdo-navsari@gujarat.gov.in

ફોન નં૨૮૦૩૮૮.

જા.નં/જિ.ર.પ્ર.કે/રાજ્ય-ખેમકુ ૨૦૨૫/૩૯ - ૧૨૦/૨૦૨૫-૨૬ તા.૧૯/૦૧/૨૦૨૬

પ્રતિ,

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ

જિલ્લા રમતગમત અધિકારીશ્રી,તમામ

ગુજરાત રાજ્ય.

વિષય:- ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અં-૧૪,૧૭ અને ઓપનએજ વયજુથ હેન્ડબોલ ભાઈઓ /બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલવા બાબત.

સંદર્ભ:- ડાયરેક્ટર જનરલ એસ.એ.જી. ગાંધીનગર તા:૨૪/૧૨/૨૦૨૫ ક્રમાંક:એસ.એ.જી./ખેમકું ૨૦૨૫ /૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી નવસારી અને જિલ્લા રમતગમત અધિકારી નવસારી ની કચેરી દ્વારા આયોજિત ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ વયજુથ ભાઈઓ/બહેનોની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન બી.કે.વી. મંડળવી ,.એસ પટેલ.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ બીલીમોરા જિલ્લો નવસારી ખાતે તા.૦૪/૦૨/૨૦૨૬ થી તા.૧૭/૦૨/૨૦૨૬ દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંગેની આપના જિલ્લાની (ઝોન કક્ષાએ રમાયેલ) વિજેતા થયેલ ટીમની એન્ટ્રી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં dsdo-navsari@gujarat.gov.in ઉપર ઇ-મેઇલ/પોસ્ટથી બિનચુક મોકલી આપવી, તેમજ ખેલાડી/ટીમને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## રાજ્યકક્ષા અંડર-૧૪, અંડર-૧૭, ઓપનએજ ભાઈઓ/બહેનોની હેન્ડબોલ સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વયજુથ | રિપોર્ટીંગ તારીખ | રિપોર્ટીંગ સમય | સ્પર્ધા શરૂ થવાની તારીખ | રિપોર્ટીંગ/ સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | અં.૧૭ ભાઈઓ | ૦૩/૦૨/૨૦૨૬ | સાંજે ૦૫કલા ૦૦:કે પછી | ૦૪/૦૨/૨૦૨૬ થી ૦૬/૦૨/૨૦૨૬ | **રિપોર્ટીંગ સ્થળ :** હોટલ અમરદીપ ઇન ગેસ્ટ હાઉસ, બીજો માળ ભૈરવનાથ માર્કેટ, એસ.વી.પટેલ માર્ગ, ગુપ્તા હોસ્પિટલ પાસે, નવાપુરા બીલીમોરા, જિ.નવસારી -૩૯૬૩૨૧ (નોધ: હોટલ બીલીમોરા સ્ટેશન પાસે જ છે.) **સ્પર્ધા સ્થળ:** બી.વી ,મંડળ .કે.વી.એસપટેલ આર્ટસ એન્ડ . સાયન્સ કોલેજ બીલીમોરા જિલ્લો નવસારી |
| ૨ | ઓપન વયજૂથ ભાઈઓ | ૦૬/૦૨/૨૦૨૬ | સાંજે ૦૫કલા ૦૦:કે પછી | ૦૭/૦૨/૨૦૨૬ થી ૦૯/૦૨/૨૦૨૬ | |
| ૩ | અં.૧૭ બહેનો | ૦૮/૦૨/૨૦૨૬ | સાંજે ૦૫કલા ૦૦:કે પછી | ૦૯/૦૨/૨૦૨૬ થી ૧૧/૦૨/૨૦૨૬ | |
| ૪ | ઓપન વયજૂથ બહેનો | ૧૦/૦૨/૨૦૨૬ | સાંજે ૦૫કલા ૦૦:કે પછી | ૧૧/૦૨/૨૦૨૬ થી ૧૩/૦૨/૨૦૨૬ | |
| ૫ | અં.૧૪ બહેનો | ૧૨/૦૨/૨૦૨૬ | સાંજે ૦૫કલા ૦૦:કે પછી | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૫/૦૨/૨૦૨૬ | |
| ૬ | અં-૧૪ ભાઈઓ | ૧૪/૦/૨૦૨૬ | સાંજે ૦૫કલા ૦૦:કે પછી | ૧૫/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | |

રજિસ્ટ્રેશન અને રીપોર્ટીંગ માહિતી માટે સંપર્ક નંબર:

દીપેશ મિશ્રા : ૯૦૩૩૩ ૪૬૩૬૭ (સ્થાનિક સંપર્ક) હર્ષરાજ જાદવ :૯૩૧૩૨ ૧૭૧૮૮

નિવાસ માટેનો સંપર્ક નંબર:

સાગર ત્રિવેદી : ૭૦૪૬૦૯૧૦૦૯

## ❖ સ્પર્ધા અંગેની જરૂરી સૂચના

- ખેલાડીઓનું નિયત નમૂનામાં એલીજીબીલીટી ફોર્મ સાથે જે તે શાળાના સહિ સિક્કા તથા જે તે જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની સહી સાથેનું ઓરિજનલ એલીજીબીલીટી ૦૩ કોપી સાથે આધારકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર અને શાળા બોનોફાઇટ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
- ઓનલાઇન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- હેન્ડબોલ રમતમાં વયજુથ મુજબ ૧૨ ખેલાડીઓ + ૧ કોચ + ૧ મેનેજર મોકલવાનાં રહેશે.
- આ સ્પર્ધા હેન્ડબોલ એસોશીએશનના નીતિનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
- પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લાવવાનું રહેશે, મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.
- ટીમ સાથે કોચ અને મેનેજર તરીકેના બે વ્યક્તિના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહીવાળા મેનેજર/કોચના ઓર્ડર લઈને આવવાનું રહેશે.
- જે તારીખે જે વયગ્રુપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે, સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ, મેનેજર અને સપોર્ટીંગ સ્ટાફ બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. (ટ્રાન્સપોર્ટની જવાબદારી ખેલાડીઓ તેમજ કોચ/મેનેજરશ્રીની પોતાની રહેશે, જેના માટે અત્રેની કચેરી જવાબદાર રહેશે નહી)
- બસ, રેલ્વે અને અન્ય ટ્રાન્સપોર્ટમાં જો મુસાફરી કરી ન હોય તેવા સંજોગોમાં આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
- જિલ્લામાંથી જતી ટીમ સાથે ખેલાડી, કોચ અને મેનેજર સિવાય અન્ય કોઇપણ બિન અધિકૃત વ્યક્તિને ટીમ સાથે લઇ જઇ શકશે નહી.
- જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોંચ્યાંની જાણ વાલી તથા મેનેજર ધ્વારા સબંધિત આયોજક ને ટેલીફોનીક/લેખીત કરવાની રહેશે.
- સ્પર્ધા લીગ મેચ પદ્ધતિથી રમાડવામાં આવશે જેની ખેલાડી/કોચ મેનેજરે નોંધ લેવાની રહેશે.
- ખેલાડીઓને રીપોર્ટીંગ કર્યા બાદ નિવાસ ફાળવવામાં આવશે. નિવાસ સ્થળે ડિપોઝિટ જમા કરાવવાની રહેશે, સ્પર્ધા પૂર્ણ થયા બાદ ડિપોઝિટ પરત કરવામાં/લેવાની રહેશે. અને સ્પર્ધા પૂર્ણ થયેથી તાત્કાલીક નિવાસ છોડવાનો રહેશે.
- ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા આવતા પહેલા વાલીઓનું સંમતી પત્ર લઈને આવવાનું રહેશે.(અં-૧૪ અને અં -૧૭ ભાઈઓ /બહેનો)
- સ્પર્ધા સ્થળે, નિવાસ સ્થળે, ભોજન સ્થળે શિસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે.
- દરેક ટીમ મેનેજરશ્રીએ સ્પર્ધામાં આવતા પહેલા આયોજકશ્રીને ટેલીફોનીક જાણ કરવી.

જિલ્લા રમત ગમત અધિકારી (ઇન્ચાર્જ)
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
નવસારી

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
નવસારી

નકલ રવાના સવિનય જાણ સારૂ.

(૧) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૨) માન. કલેક્ટરશ્રી, નવસારી

(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી

(૪) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નવસારી

(૫) માન. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૬) માન. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૭) માન.સચીવશ્રી, રાજ્ય રમતગમત પરિષદ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૮) માન. ટીમ લીડર (ખેલ મહાકુંભ શાખા), સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૯) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નવસારી

(૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નવસારી

(૧૧) માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નવસારી (સ્પર્ધા સ્થળે મેડીકલ અને ૧૦૮ની ટીમ ઉપસ્થિત રાખવા માટે)

(૧૨) માન.નાયબ માહિતી નિયામકશ્રી, નવસારી ( સ્પર્ધાની બહોળી પ્રસિધિ કરવા સારૂ.)

(૧૩) માન. પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય હેન્ડબોલ એસોશિએશન

(૧૪) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી બહેનો ખેલ મહાકુંભ ૨૦૨૫ હેન્ડબોલ સ્પર્ધા

(૧૫) માન.પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ શિક્ષણ સંઘ, નવસારી